NCS Code: NA, CCode: GV015

# મલ્ટી-ટાસ્કિંગ સ્ટાફ

મલ્ટિ-ટાસ્કિંગ સ્ટાફ નોન-ગેઝેટેડ, નોન-મિનિસ્ટ્રીયલ, કેન્દ્ર સરકારના કર્મચારીઓ છે જેઓ વિવિધ મંત્રાલયો, વિભાગો અને કચેરીઓમાં નિયુક્ત કરવામાં આવે છે. હવાલદાર, સફાઈકર્મી, દફતરી, જુનિયર ગેસ્ટેટનર ઓપરેટર, પટાવાળા, જમાદાર, ચોકીદાર, માળી વગેરે જગ્યાઓ પર ઉમેદવારોની ભરતી કરવા માટે રાષ્ટ્રીય કક્ષાની એસ.એસ.સી. એમ.ટી.એસ. પરીક્ષા યોજવામાં આવે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને ફાઈલ અથવા ટાઈપ કરવાનું ગમે છે
- તમે ઓફિસમાં કામ કરવા માંગો છો
- તમે તમારા કામના રેકોર્ડ રાખવામાં સારા છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. - થી -*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. SSC MTS પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

મલ્ટિ-ટાસ્કિંગ સ્ટાફનું માસિક વેતન **રૂ. ૫,૨૦૦** થી ૨૦,૨૦૦* જેટલું હોય છે.

સ્રોત:https://railwayrecruitmentgov.in/rrb-alp-salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** વિવિધ સરકારી વિભાગોની કચેરીઓમાં

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં કામ કરશો. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. તમે વરિષ્ઠ અધિકારીઓ માટે કામ કરી રહ્યા હોય તમારે ઝડપથી તેમજ ચોક્કસાઈપૂર્વક કામગીરી બજાવવાની રહે છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

મલ્ટિટાસ્કિંગ સ્ટાફ ઓફિસર્સ → લોઅર ડિવિઝન ક્લાર્ક → આસિસ્ટન્ટ અપર ડિવિઝન ક્લાર્ક → ડિવિઝન ક્લાર્ક → સેક્શન ઓફિસર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**માન્યતા પ્રાપ્ત શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા ધરાવતી હોય તેવી ભારતની કોઈપણ શાળા.**

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ગુરબિન્દર સિંહ** ચંદીગઢમાં સેક્ટર ૧૭, પોસ્ટ ઓફિસમાં મલ્ટી-ટાસ્કિંગ સ્ટાફ તરીકે કામ કરે છે. તેમણે શિવાલિક પબ્લિક સ્કૂલ, મોહાલીમાંથી શાળાકીય અભ્યાસ પૂર્ણ કર્યો.*

સ્રોતઃ http://bit.ly/40asJFF

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

મલ્ટીટાસ્કીંગ સ્ટાફ, એસ.એસ.સી. એમ.ટી.એસ. એક્ઝામ